સુવિચાર : યે રાહેં હી લે જાયેગી મંઝીલ તક હોંસલા રખ.. કભી સુના હૈ કી અંધેરે ને સવેરા હોને ન દિયા.. - શકીલ બદાયુની

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૭૧ | ૨૧ મે, ૨૦૧૫, ગુરૂવાર ; જેઠ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



કેજરીવાલ અને નજીબ જંગ વચ્ચે ખેંચતાણ ચરમસીમા પર

Page-6

# મનપાની સ્થાયી સમિતિના ચેરમેનની ૨૫મીએ વરણી

## સમિતિની ચૂંટણીના વીસ દિવસ બાદ બેઠક બોલાવાતાં રાજકીય ખેંચતાણનો મુદ્દો ચર્ચામાં

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના નવા ચેરમેનની નિયુકતી ૨૫મી મેના રોજ કરવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની આ માત્ર એક સમિતિની રચનાને ૨૦ દિવસ જેટલો સમય વિતી ગયા બાદ આજે સમિતિની પ્રથમ બેઠક બોલાવવાનો એજન્ડા જારી કરવામાં આવ્યો છે.

ભાજપમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણને લઈ આ મુદ્દો અટવાઈ જવા પામ્યો હતો. ૧લી મે એ નવી સ્ટેન્ડીંગ કમિટીના સભ્યોની ચૂંટણી કરી દેવામાં આવી હતી. આ નવ સમિતિની રચનામાં પ્રોરેટા મુજબ વિપક્ષને સ્થાન આપવામાં આવ્યું નથી.

સમિતિના ચેરમેન પદ માટે ભાજપમાં ચાલી રહેલી આંતરિક ખેંચતાણને ધ્યાને રાખી પ્રદેશ મોવડીઓએ પણ આ મુદ્દો શાંતિથી હાથ ધરવાના આપેલા સંકેતોને પગલે આ પ્રથમ બેઠક પણ વીસ દિવસ પછી બોલાવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ સમિતિમાં પહેલી વાર ભાજપે તેની પાંચેય મહિલા કાઉન્સીલરોને સ્થાન આપ્યું છે. અને હવે મહિલા કાઉન્સીલરો પણ આ હોદ્દા માટે પોતાનો દાવો રજુ કરી રહી છે.

આ ઉપરાંત યુવા સભ્યો પણ આ હોદ્દા માટે આગ્રહ રાખી રહ્યા

● અનુસંધાન પાન-૭ પર

# કલોલ પાલિકાનું નવુ સીમાંકન જાહેર

## ૪૪ બેઠકો અને ૧૧ વોર્ડ : ચાર વોર્ડમાં ૧૦ હજારથી ઓછા મતદારો : સરેરાશ મતદારો ૧૦,૨૮૭

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાની કલોલ નગરપાલિકાની ચૂંટણી માટે સીમાંકનનું પ્રાથમિક જાહેરનામુ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યુંછે. આ અગાઉ જિલ્લાની દહેગામ નગરપાલિકાનું જાહેરનામુ પ્રસિદ્ધ થઈ ચુક્યુ છે.

આગામી સપ્ટેમ્બરમાં યોજાનારી સામાન્ય ચૂંટણીઓમાં જિલ્લાની આ બે નગરપાલિકાઓનો સમાવેશ થાય છે.

કલોલ નગરપાલિકા માટે જારી કરાયેલા પ્રાથમિક જાહેરનામામાં ૧૧ વોર્ડ અને ૪૪ બેઠકો છે. રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોક (સુધારો) એક્ટ ૨૦૦૯ થી નગરપાલિકા અધિનિયમમાં સુધારા કર્યા છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નક્કી કરાયેલ છે. અર્થાત ૪૪ પૈકી ૨૨ બેઠકો મહિલાઓ માટે અનામત છે.

આ નગરપાલિકા વિસ્તારમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૧,૧૩,૧૫૩ની કુલ વસ્તી નોંધાયેલ છે. જે મુજબ શહેરને ૧૧ વોર્ડમાં વહેંચવામાં આવેલ છે. દરેક વોર્ડની સરેરાશ વસ્તી ૧૦,૨૮૭ થાય છે.

સૌથી ઓછી વસ્તી વોર્ડ નં. ૬માં ૯૨૦૮ છે. આ પછી વોર્ડ નં. ૯માં ૯૪૩૫, વોર્ડ નં. ૮માં ૯૫૭૨ અને વોર્ડ નં. ૧૦માં ૯૯૧૧ વસ્તી નોંધાયેલ છે.

જિલ્લાના ઔદ્યોગિક શહેર તરીકેની ઓળખ ધરાવતા આ નગરમાં એક બેઠક આદિજાતિ માટે અનામત રાખવામાં આવી છે જે વોર્ડ નં. ૯માં ફાળવવામાં આવેલ છે. અનુ. જાતિની મહિલાઓ માટે ૩ બેઠકો ફાળવવામાં આવી છે. પછાત વર્ગ માટે ફાળવાયેલ ૪ બેઠકોમાંથી ૨ બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવામાં આવેલ છે. આ પ્રાથમિક આદેશો આજે જાહેર થયા છે અને તે કલોલ નગરપાલિકા ખાતે પણ પ્રસિદ્ધ કરાયા છે. હવે ૧૦ દિવસમાં આ આદેશ અંગેના વાંધા-સૂચનો રાજ્ય ચૂંટણી પંચને તથા તેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી કલેક્ટરને મોકલી આપવાના રહેશે.

પંચ આ સીમાંકન અંગેનો મુસદ્દો આખરી કરતાં પૂર્વે રાજકીય પક્ષો સાથે પણ જરૂરી પરામર્શ કરશે તેમ આ પ્રાથમિક આદેશમાં જણાવવામાં આવ્યુ છે.



આકરી ગરમીમાં આકરું પ્રયાણ - ધોમધખતા તાપમાં પરિવાર સાથે એક ગામથી બીજા ગામ જવાનું હોય એમાંય પગપાળા જવાનું હોય તો આકરી કસોટી થાય છે... અંતર કપાય નહિ, તાપ સહન થાય નહિ... છતાં ગતિ કરવી જ પડે એવા સંજોગોમાં પ્રયાણ પડકાર બની જાય છે... ગરીબ પરિવારની સંવેદના એ.સી. ગાડીમાં બેસીને ઘુમનારાઓને સ્પર્શે નહિ એ સ્વાભાવિક છે... પરંતુ ગરીબ કોને કહેવાય અને કોણ સહી શકે છે એ સવાલોના જવાબો આ તસવીર આપે છે... આ તમામ પડકારોનો ઝીલવા પરિવારમાં કેવી એકતા અને એકરૂપતા સર્જાય છે તે પણ તસવીરમાં પ્રતિબિંબિત થાય છે....



શહેરની સડક પર બળદગાડી - આકરી ગરમીથી બચવા શહેરની સડક પર પણ બળદગાડીમાં કાપડનું છત્ર બનાવાયું છે... ગામડામાં હેરાફેરીમાં વપરાતું બળદગાડુ શહેરની સડક પર આવે ત્યારે સમાચાર બને છે... સલામત સવારી અને પરંપરાગત માહોલનો મહિમા બળદગાડીની મુસાફરીમાં અનુભવાય છે... ગ્રામ્ય વિસ્તારમાં રોજગારીના પ્રશ્નો દિન-પ્રતિદિન વધતા જાય છે ત્યારે શ્રમજીવી પરિવારો શહેરની વાટ પકડે છે... એવું જ એક શ્રમજીવી પરિવાર રોજગારીની તલાશમાં શહેરની સડક પર ફરી રહ્યું છે...

# ભાજપ સરકારના એક વર્ષના શાસનની ઉજવણી માટે તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા.૨૦

કેન્દ્ર અને ગુજરાતની ભાજપ સરકારના શાસનને ૨૨મી મે એ એક વર્ષ પુરું થઈ રહ્યું હોઈ તેની ઉજવણી માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્રની ભાજપ સરકારના શાસનને ૨૨મી મે એ એક વર્ષ પૂર્ણ થઈ રહ્યું છે ત્યારે આ એક વર્ષના શાસન દરમિયાન કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલ પ્રજા લક્ષી કામોને પ્રજા સુધી પહોંચાડવામાં આવનાર છે તેમજ એક વર્ષના શાસનની ઉજવણી માટે પણ તૈયારીઓ કરવામાં આવી છે.

કેન્દ્રની ભાજપ સરકારના વિકાસ કામો પ્રજા સુધી પહોંચાડવા માટે દિલ્હી સહીત દેશના વિવિધ રાજયોમાં ૩૦ જેટલી પત્રકાર પરિષદો યોજવામાં આવશે. જેમાં નરેન્દ્ર મોદી મંત્રી મંડળના મંત્રીઓ કેન્દ્ર સરકાર દ્વારા એક વર્ષના શાસન દરમિયાન કરાયેલ વિકાસ કાર્યની વિગતો પ્રજા સમક્ષ મુકવામાં આવશે.

કેન્દ્ર ઉપરાંત ગુજરાતમાં પણ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સરકારના શાસનને પણ એક વર્ષ પૂર્ણ થઈ રહ્યું હોઈ રાજય સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસ કામો પ્રજા સમક્ષ પહોંચાડવામાં આવશે. આ માટે તમામ વિભાગોના વડાઓ અને જિલ્લા કલેકટરોને જિલ્લામાં કરવામાં આવેલ વિકાસ કામોના જોબ કાર્ડ તૈયાર કરવાની પણ સૂચના આપવામાં આવી છે.

# શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના પાણી-ગટરના પ્રશ્નો નહિ ઉકેલાય તો આંદોલન

## કોંગી કાઉન્સીલરો કહે છે કોર્પોરેશન પાટનર યોજના અને મુખ્યમંત્રીને રજુઆત પછી પણ હજુ પ્રશ્નો યથાવત્ છે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગામોના પાણી અને ગટરના પ્રશ્નો અંગે કોર્પોરેશન અને પાટનગર યોજના વિભાગની બાઈ બાઈ ચારણીની નીતિથી ગ્રામજનોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે અને આ વિસ્તારના કાઉન્સીલરોએ ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન છેડવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ગામડાઓ બોરીજ, ઈન્દ્રોડા, પાલજ, બાસણ, ધોળાકુવા, આદિવાડા અને ફતેપુરામાં જીવન જરૂરિયાત જેવા પીવાના પાણીનો મોટા પાયે કકડાટ બાબતે તેમજ સ્થાનિક પ્રાણ પ્રશ્નો જેવા કે પાણીના નવા બોર, ઓવરહેડ ટાંકીઓ તેમજ અધુરી રહી ગયેલ ગટરના કામો, પાણીની નવી પાઈપલાઈનો, તેમજ રોડ રસ્તાઓ ગામતળ વધારવા માટે પ્રોપર્ટી કાર્ડ બાબતે નવા લાઈટના પોલ (થાંભલા) અને જીવન જરૂરિયાતવાળા કામો બાબતે ઉચ્ચ કક્ષાએ રજુઆત સ્થાનિક કોર્પોરેટ હસમુખકુમાર મકવાણા અને શૈલેન્દ્રસિંહ બિહોલા દ્વારા કરવામાં આવી છે. આ પ્રશ્નોના નિકાલ માટે મુખ્યમંત્રીશ્રીને પણ લેખિતમાં પણ તમામ પ્રશ્નોની રજુઆત કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# તલાટી, હેલ્થવર્કર અને ક્લાર્કની ચાર સ્પર્ધાત્મક પરીક્ષાઓ એક જ દિવસે : ઉમેદવારો મુંઝવણમાં

## બધી પરીક્ષાઓની તનતોડ મહેનતથી તૈયારીઓ કરનારા યુવાનોની કફોડી સ્થિતિ : કઈ પરીક્ષા આપવી કઈ ના આપવી ? વિભાગો વચ્ચે સંકલનના અભાવે વિદ્યાર્થીઓ સલવાયા : અલગ અલગ તારીખે પરીક્ષાઓ લેવા માંગ

ગાંધીનગર, તા. ૨૦

રાજય સરકારના વિવિધ વિભાગોમાં ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે સરકાર દ્વારા યોગ્ય ઉમેદવારોની ભરતી કરવા સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. વર્તમાન સમયમાં પણ પંચાયત પસંદગી ભરતી બોર્ડ દ્વારા તલાટી મંત્રી, મલ્ટી પરપઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર અને ક્લાર્કની લગભગ-૪૦૦૦ ખાલી જગ્યાઓ ભરવા આગામી મે માસમાં સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કર્યુ છે. સરકારી વિભાગોના સંકલનના અભાવે કે આડોડાઈને લીધે ચારેય વિભાગની એટલે કે તલાટીમંત્રી, મલ્ટી પરપઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર અને ક્લાર્કની પરીક્ષા એક જ દિવસે લેવાનુ નક્કી કર્યુ છે. આથી ઉમેદવારોને સખત અન્યાય થાય છે. પરિણામે ઉમેદવારોમાં રોષ જોવા મળ્યો છે અને ચારેય પરીક્ષાની તારીખ બદલવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યના પંચાયત સેવા પસંદગી બોર્ડ દ્વારા તાજેતરમાં તલાટીમંત્રી, મલ્ટી પરપઝ હેલ્થ વર્કર, ફિમેલ હેલ્થ વર્કર અને ક્લાર્કની અંદાજે ૪૦૦૦ જેટલી ખાલી જગ્યાઓ ભરવા જાહેરાત બહાર પાડવામાં આવી હતી. આથી સંબંધિત ક્ષેત્રના લાખો બેરોજગાર ઉમેદવારોએ પોતાની લાયકાતના આધારે પોતાની ઉમેદવારી નોંધાવી હતી. લાખો ઉમેદવારો જે તે શહેર કે ગામના રહિશ હોવા છતાં પણ તે તેનો અનુકુળ જિલ્લા કેન્દ્ર પરથી પરીક્ષા આપી શકે અને નોકરી માટે તે શહેરની ઉમેદવારી નોંધાવી શકે છે.

આથી લાખો ઉમેદવારોએ તલાટી મંત્રી માટે પોતાનો જિલ્લો પસંદ કર્યો છે તો બીજી બાજુ હેલ્થ-વર્કર માટે અન્ય જિલ્લો પસંદ કર્યા છે. અને પરીક્ષા એક જ દિવસે અને એક જ સમયે આવશે તેવુ વિચાર્યુ પણ ન હતુ. પરંતુ આગામી જૂન માસના પ્રથમ અઠવાડિયામાં આ સ્પર્ધાત્મક પરીક્ષા બોર્ડ દ્વારા લેવાનુ નક્કી કરતા અસંખ્ય ઉમેદવારો ભારે મુંઝવણમાં મુકાઈ ગયા છે અને મહિનાઓની તનતોડ મહેનત બાદ લમણે હાથ દઈ રોવાનો વારો આવ્યો છે. સરકારની આ વિચિત્ર અને ખરાબ પરીક્ષા વ્યવસ્થાને લીધે ઉમેદવારોને સરકારી નોકરી માટેની સુવર્ણ તક ગુમાવવાનો વારો આવતા ભારે નિરાશા જોવા મળી છે અને આ ચારેય પરીક્ષાની તારીખો બદલવામાં આવે તેવી શિક્ષિત બેરોજગારોની માંગ છે.

જોઈએ છે
LED-TV • LCD-TV
બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ
મો. : ૯૪૨૭૫ ૪૪૮૩૫

info City Club & Resort
GRAND HOUSIE
14th June 2015
Infocity Club & Resort
brings you a Sunday full of fun and fortune.
Play for fun and get a chance to win some
Grand Exciting Prizes
An attractive 25% discount for our PRIVILIGED MEMBERS
Tel: 99798 89377/99099 06372
Infocity Club & Resort, Indroda Circle, SG Highway, Gandhinagar.
web: www.infocityclub.net